અખાધ્ય ગોળની પરીભાષા નક્કી
કરવા માટે જરૂરી તાંત્રિક અભિપ્રાય
માટે ઉચ્ચ કક્ષાની સમિતિની રચના
બાબત.

ગુજરાત સરકાર,
ગૃહ વિભાગ,
ઠરાવ ક્ર.નશધ-૧૩/૨૦૧૪/૨૮૧૦/ઇ-૧
સચિવાલય,ગાંધીનગર.
તા.૧૬-૩-૨૦૧૫

વંચાણે લીધા-(૧) મુંબઇ નશાબંધી(ગુજરાત દ્વીતીય સુધારા) અધિનિયમ-૨૦૦૩ તા.૧૭-૯-૨૦૦૩

(૨) નિયામકશ્રી નશાબંધી અને આબકારીનો તા.૧૧/૨/૨૦૧૫ નો પત્ર ક્રમાંક મશલ:૫-૨/૨૦૧૫/એક્સા-૩/૬૬

**આમુખ-**

ગુજરાત સરકારે, ગુજરાત નશાબંધી અધિનિયમ ૧૯૪૯ની કલમ-૨(૩૯)એ માં વર્ષ ૨૦૦૩માં સુધારો કરી રોટન ગોળની વ્યાખ્યા આપેલ છે જેમાં, જે ગોળમાં ટોટલ સુગર તથા સુક્રોઝનું પ્રમાણ અનુક્રમે ૯૦ ટકા તથા ૬૦ ટકા થી ઓછુ હોય તેને રોટન ગોળ ઠરાવેલ છે. આ ગોળનો ઉપયોગમાં મનુષ્યો માટે ખાદ્ય ગોળ તરીકે કરી શકાતો નથી.

પ્રસ્તુત બાબતમાં, સૌરાષ્ટ્ર વિસ્તારમાં શેરડીનું ઉત્પાદન કરતા ગીર સોમનાથ જિલ્લામાં તાલાલા, કોડીનાર, ઉના, વેરાવળ, સુત્રાપાડા તથા ગીર ગઢડા વગેરે તાલુકાના ખેડૂતોએ રજૂઆત કરેલ છે કે હવામાન તથા જમીનની ફળદ્રુપતામાં ઉણપના કારણે તેઓ દ્વારા પકવવામાં આવતી શેરડી માંથી આવો ગોળ બની શકતો નથી. ઉપરોક્ત વિસ્તારો દરીયાની નજીક હોઇ શેરડીના પાકમાં ખારાશનું પ્રમાણ વધારે હોય છે, જેથી ૯૦ ટકા સુગરનું પ્રમાણ જાળવવું ખેડુતો માટે મુશ્કેલ છે. જેથી ખાદ્ય ગોળમાં સુગરનું પ્રમાણ ૯૦ ટકા ના બદલે ૭૦ ટકા કરવા અને ૭૦%થી ઓછું સુગરનું પ્રમાણ ધરાવતા ગોળને રોટન ગોળ ગણવા કાયદામાં જરૂરી સુધારો કરવા ખેડૂતોની રજૂઆત છે.

ઉપરોક્ત રજૂઆત અન્વયે, નિયામકશ્રી નશાબંધીએ રોટન ગોળના પ્રમાણમાં ૯૦% ના બદલે ૮૦ ટકા કરતા ઓછુ સુગરનું પ્રમાણ ધરાવતા ગોળને રોટન ગોળ ગણવા માટે કાયદામાં જરૂરી સુધારો કરવાની દરખાસ્ત કરેલ છે.

ઉપર્યુત વિગતે અખાધ્ય ગોળની પરીભાષા બાબતે પૂન: વિચારણા કરવા માટે જરૂરી તાંત્રિક અભિપ્રાય મેળવવા માટે ઉચ્ચ કક્ષાની સમિતિની રચના કરવા અંગેની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ

આ બાબતે પુખ્ત વિચારણા કર્યા બાદ, ગુજરાત નશાબંધી અધિનિયમ ૧૯૪૯ની કલમ-૨(૩૯)એ માં અખાદ્ય ગોળની કરવામાં આવેલ વ્યાખ્યામાં નિયત કરવામાં આવેલ સુગરનું પ્રમાણ ઓછું કરી શકાય કે કેમ તે બાબતે જરૂરી વિચારણા કરવા એક સમિતિની રચના કરવા સરકારશ્રીએ નિર્ણય કરેલ છે. આ સમિતિમાં નીચે મુજબના અધિકારીશ્રીઓની નિમણુંક કરવામાં આવે છે.

(૧) સચિવશ્રી(ગૃહ)

(૨) સચિવશ્રી, વૈધાનિક અને સંસદિય બાબતો.

(૩) ડૉ. એચ.જી.કોશીયા,કમિશ્નરશ્રી, ફૂડ એન્ડ ડ્રગ્સ, ગાંધીનગર

(૪) નિયામકશ્રી, નશાબંધી અને આબકારી.

(૫) ડૉ. એમ.એસ.દહીયા, નાયબ નિયામકશ્રી, ન્યાય સહાયક વિજ્ઞાન પ્રયોગશાળા, ગાંધીનગર

(૬) ખાંડ નિયામકશ્રી,ગાંધીનગર.

આ સમિતિએ સત્વરે જરૂરી વિચારણા હાથ ધરી તેનો અહેવાલ સરકારશ્રીને રજૂ કરવાનો રહેશે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(યોગેશ બી. દવે)
ઉપ સચિવ,ગૃહ વિભાગ,
ગુજરાત સરકાર.

પ્રતિ,

માન. મુખ્ય મંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ,ગાંધીનગર.

માન.મંત્રીશ્રી આરોગ્યના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ,ગાંધીનગર.

૧૭/ન

માન. મંત્રીશ્રી કૃષિ અને સહકારના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ,ગાંધીનગર.

માન. રા. ક. મંત્રીશ્રી આરોગ્યના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ,ગાંધીનગર.

માન. રા. ક. મંત્રીશ્રી સહકારના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ,ગાંધીનગર

માન. રા. મંત્રીશ્રી કૃષિના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ,ગાંધીનગર.

માન. રા. ક. મંત્રીશ્રી ગૃહના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ,ગાંધીનગર.

અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

અગ્ર સચિવશ્રી કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

અગ્ર સચિવશ્રી આરોગ્ય અને પ.ક.વિ. સચિવાલય, ગાંધીનગર.

સચિવશ્રી ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

સચિવશ્રી સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

સચિવશ્રી વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

કમિશ્નરશ્રી, ફૂડ એન્ડ ડ્રગ્સ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર

નિયામકશ્રી, નશાબંધી અને આબકારી.ગુજરાત રાજ્ય, અમદાવાદ.

ખાંડ નિયામકશ્રી,ગુજરાત રાજ્ય, ખાંડભવન, સેક્ટર-૧૬, ગાંધીનગર.

નાયબ નિયામકશ્રી, ન્યાય સહાયક વિજ્ઞાન પ્રયોગશાળા, ગાંધીનગર.

શાખા સિલેક્ટ ફાઇલ